# જાહેર નિવિદા

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૫/૪૭૦૯૮૮/ડથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો,૨૦૧૦ અંતર્ગત રીવીઝન/એપેલેટ ઓથોરિટી તરીકેની કામગીરી માટે ૩ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે, તથા તે જગ્યાઓ પર સચિવાલય સંવર્ગના અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવ કક્ષાના નિવૃત્ત અધિકારીઓને નિવૃતિ બાદ પુન:નિયુક્તિથી ૧ વર્ષ માટે કરાર આધારિત નિયુક્તિ આપવાનો નિર્ણય થયેલ છે. કરાર આધારિત આ જગ્યાઓ ભરવા અંગેની શરતો તેમજ પગારધોરણ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક:આરઇએમ/૧૦૭૭/ગ.૨ તથા વખતોવખત થયેલ સુધારા અને સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબના રહેશે. જો વધુ પ્રમાણમાં અરજીઓ મળે તો, સરકારી સેવા દરમ્યાન રીવીઝન/એપેલેટ ઓથોરિટી તરીકે કરેલ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવશે. આ જગ્યાઓ પર કરાર આધારિત નિમણૂક માટે આ વિભાગની વેબસાઇટ imd-gujarat.gov.in હોમપેજ પર News & Annoncementsમાં વધુ વિગતો જોઇ શકાશે. તે પરથી અરજીપત્રક મેળવીને નિયત નમૂના મુજબ દિન-૧૫માં સંયુક્ત સચિવશ્રી(મહેકમ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.૫/૪થો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને અરજી કરવાની રહેશે.

( એસ.એસ.પટવર્ધન )
ઉપસચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

45/૮

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૦ અન્વયે રીવીઝન ઓથોરીટી તરીકેની કામગીરી માટે જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૫/૪૭૦૯૮૮/ડ,
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૧/૭/૨૦૧૫

<u>પ્રસ્તાવના:-</u>

વર્ષ ૨૦૧૦માં રાજય સરકારે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૦ નવેસરથી ઘડેલ છે તેમાં રીવીઝન ઓથોરીટી તરીકેની કામગીરી ઉદ્યોગ અને ખાણ વિભાગને સોંપવામાં આવેલ છે. જૂના નિયમો હેઠળ આ સુનાવણીની કામગીરી ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરીના અધિક કલેકટરશ્રી કક્ષાના અધિકારીઓ કરતા હતા. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરીના અધિક નિયામક કક્ષાની એક જગ્યા સરેન્ડર કરી ઉદ્યોગ અને ખાણ વિભાગમાં નાયબ સચિવ(અપીલ)ની નવી જગ્યા વર્ષ ૨૦૧૩માં ઉભી કરવામાં આવેલ છે, અને આ જગ્યા નવેમ્બર-૨૦૧૪થી ભરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦ પછી નવા ઘડેલ નિયમો અન્વયે વર્ષ ૨૦૧૦થી તા.૩૧/૫/૨૦૧૫ની સ્થિતિએ ઉદ્યોગ અને ખાણ વિભાગમાં કુલ ૫૮૨૯ અપીલ અરજીઓ પેન્ડીંગ રહેલ છે. આ પેન્ડીંગ અરજીઓનો સત્વરે નિકાલ થાય તે માટે વધારાના અપીલ અધિકારીઓની નિમણૂક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે ઉદ્યોગ અને ખાણ વિભાગમાં ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૦ અન્વયે રીવીઝન ઓથોરીટી તરીકેની કામગીરી માટે નીચે મુજબની જગ્યાઓ ઉભી કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| (૧) | એપેલેટ અધિકારી | 3 |
| (૨) | નાયબ સેકશન અધિકારી | 3 |
| (3) | ડેટાએન્ટ્રી ઓપરેટર | 3 |

ઉપરોકત જગ્યાઓ નીચેની શરતોને આધીન ઉભી કરવાની/ભરવાની રહેશે.

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ના સુધારેલ અંદાજમાં આ અંગેની નવી જોગવાઇ વિભાગે કરવાની રહેશે.

(૨) આ જગ્યાઓ હાલ પૂરતી નિમણૂકની તારીખથી એક વર્ષ માટે મંજૂર કરવામાં આવે છે.

(૩) આ અંગેનો ખર્ચ ડિમાન્ડ નં.-૪૭ મુખ્ય સદર-૩૪૫૧ ગૌણ સદર-૦૦ પેટા સદર-૦૯૦ વિગતવાર હેડ ૦૧ નોન પ્લાન બજેટ જોગવાઇ હેઠળ ઉધારવાનો રહેશે.

(૪) એપેલેટ અધિકારીની જગ્યાઓ સંયુકત સચિવ/નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની પુનઃ નિયુક્તિથી ભરવાની રહેશે.

(૫) નિવૃત્ત અધિકારીની એપેલેટ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવતા તેઓને હાલના પ્રવર્તમાન નીતિ-નિયમ મુજબ મળવાપાત્ર રકમથી નિયુક્તિ આપવાની રહેશે.

(૬) નાયબ સેકશન અધિકારીની નિમણૂક પ્રતિનિયુક્તિના ધોરણે કરવાની રહેશે.

(૭) ડેટાએન્ટ્રી ઓપરેટરની જગ્યા આઉટ સોર્સીંગ એજન્સી સાથેના કરારથી નકકી થયા મુજબ ભરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અ.મુ.સચિવશ્રી(નાણા)ની તા.૧૪/૭/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એસ.પ્રજાપતિ )
સંયુકત સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ

- માન. મંત્રીશ્રી(ખાણ-ખનિજ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અ.મુ.સચિવશ્રી(ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અ.મુ.સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર
- એ.જી.કચેરી, રાજકોટ, અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, નાણા શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- વિશિષ્ટ ફાઇલ

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૫/૪૭૦૯૮૮/S અન્વયે રીવીઝન એપેલેટ ઓથોરિટીની જગ્યા માટે કરાર આધારિત નિમણૂક અંગેનું અરજીપત્રક.

| અનુ.ક્ર | વિગત | |
|---|---|---|
| ૧. | નામ | |
| ૨. | જન્મ તારીખ | |
| ૩. | વય નિવૃતિની તારીખ | |
| ૪. | નિવૃતિ સમયે ધારણ કરેલ હોદ્દો અને પગાર ધોરણ | |
| ૫. | નિવૃતિ સમયનો વિભાગ/કચેરી | |
| ૬. | કોઇ પ્રાથમિક/ખાતાકીય તપાસ ચાલુ છે કે કેમ? | |
| ૭. | નિવૃતિ બાદ પુન:નિયુક્તિ થયેલ હોય તો તેની વિગતો | |
| ૮. | સરકારી સેવા દરમ્યાન કરેલ કામગીરીની વિગતો | |
| ૯. | એપેલેટ ઓથોરિટી/અપીલની કામગીરીનો અનુભવ હોય તો તેની સ્પષ્ટ વિગતો | |
| ૧૦. | તાજેતરનો ફોટોગ્રાફ | |

-સહી-

નોંધ:-

૧. અરજીપત્રક સાથે વયનિવૃતિના હૂકમની નકલ, તથા છેલ્લા પગારનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

ગ.મ.પ્રે.ગાં. (એચ)–૧૩૩૦–૨,૦૦૦–૧૨-૯૬.

તાંત્રિક જગ્યાઓ ઉપર સરકારી કર્મચારીઓ<br>વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂં

## ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : આરઈએમ/૧૦૭૭/ગ.૨

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૬.

વંચાણમાં લીધા : સા.વ.વિ.નો તા. ૧૩-૯-૭૭નો પરિપત્ર ક્રમાંક : આરઈએમ/૧૦૭૭/ગ.

### ઠરાવ

સા. વ. વિ.ના તા. ૧૩-૯-૭૭ના પરિપત્રથી વય નિવૃત્તિ બાદ તાંત્રિક જગ્યાઓ પર પુનઃનિયુક્તિ આપવાના સિદ્ધ મુકરર કરવામાં આવ્યા હતા. જે અનુસાર નીચેની શરતો સંતોષાતી હોય તેવા સંજોગોમાં તાંત્રિક જગ્યા પર પુનઃનિયુક્તિ આપ ઠરાવવામાં આવેલું હતું :–

(૧) સામાન્ય સંજોગોમાં વય-નિવૃત્તિ બાદ પુનઃ નિયુક્તિની દરખાસ્ત વિચારણામાં લેવી નહિ. પરંતુ અપવાદરૂપ જૂજ કિસ્ સાઓમાં જાહેર હિતમાં પુનઃ નિયુક્તિ જરૂરી હોય, અને

(૨) વય નિવૃત્ત થતાં કર્મચારીની જગ્યાએ અન્ય કોઇ પરિપક્વ કર્મચારી ઉપલબ્ધ ન થાય અથવા નિવૃત્ત થતાં ક ચારી ઉત્તમ ગુણવત્તા ધરાવતા હોય.

૨. તાંત્રિક જગ્યાઓ પર વય-નિવૃત્તિ બાદ પુનઃ નિયુક્તિ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પુનઃ નિયુક્તિ બદલે કરારના ધોરણે નિમણૂંક આપવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુ વિચારણાને અંતે ઉપર દર્શાવેલ શરતો સંતોષાતી હોય તેવા સંજોગોમાં વય નિવૃત્તિ બાદ પુનઃ નિયુક્તિ આપવાને બદલે હવે નીચેની શરતોને આધીન કરારના ધોરણે નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવે છે:-

(૧) કરાર આધારિત નિયુક્તિ પ્રથમ તબક્કે છ થી બાર માસ માટે રહેશે.

(૨) બંને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુક્તિનો અંત લાવી શકશે.

(૩) નિવૃત્તિની તારીખે કર્મચારીને તેના પગાર ધોરણમાં જે કુલ વેતન મળતું હોય તે વેતનમાંથી કર્મચારીને મળતું પેન્શન બાદ કરતાં જે રકમ આવે તે રકમ માસિક એકત્રિત વેતનના દર તરીકે કર્મચારીને મળવાપાત્ર થશે.

(૪) ઉપર પ્રમાણે એકત્રિત વેતન પર કોઈપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે ન મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો પણ મળવાપાત્ર થશે નહીં.

(૬) કરાર દરમ્યાન વધારાની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ. ટી. સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તે અન્ય કોઈ નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કરારબદ્ધ કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાના એકત્રિ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ, બીજા કોઈ નાણાંકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરા નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૮) કરારને આધારે નિયુક્ત થયેલા કર્મચારીએ, સમાન સંવર્ગના કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજ વવાની રહેશે. તેવા કર્મચારી માટે કચેરીના ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત કર્મચારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે.

(૯) કરારથી નિમણૂંક પામેલા કર્મચારીને વર્ષ દરમ્યાન ૧૨ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપ

(૧૦) આ પ્રમાણે નિમણૂંક પામેલા કર્મચારીએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

(૧૧) આ પ્રમાણે નિમણૂંક પામેલા કર્મચારીને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૧૨) કરારથી નિમણૂક મેળવનાર કર્મચારીને ગુજરાત સીવીલ સર્વીસીસ (કન્ડકટ) રૂલ્સ, ૧૯૭૧માં ઠરાવેલ બાબ રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

(૧૩) કરારના ધોરણે નિયુક્તિ પામનાર કર્મચારીઓને તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણગણી રકમનું બોન્ડ આ

(૧૪) આવી કરાર આધારિત નિમણૂંક કર્મચારીની ઉંમર ૬૨ વર્ષની થાય ત્યાં સુધી જ ચાલુ રાખી શકાશે.

૩. સરકારી કર્મચારીને કરારના આધારે આપવામાં આવતી નિમણૂકોમાં ઉપર મુજબની શરતો અને બોલીઓ રાખવા વહીવટી વિભાગોને સૂચના આપવામાં આવે છે. રાજયપત્રિત અધિકારીઓને કરારના ધોરણે નિમણૂંક આપવાની દરખાસ્ત વહીવટી વિભાગે સામાન્ય વહીવટ વિભાગ મારફત મુખ્ય સચિવશ્રી, સંબંધિત મંત્રીશ્રી અને મા. મુખ્યમંત્રીશ્રીને રજુ કરવાની રહે કિસ્સાઓ સંબંધિત વહીવટી વિભાગે સામાન્ય વહીવટ વિભાગ મારફત સંબંધિત મંત્રીશ્રીને રજૂ કરવાના રહેશે. જ્યાં કિસ્સામાં સંબંધિત વિભાગના સચિવશ્રી મારફત સામાન્ય વહીવટ વિભાગના સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રીને રજુ કર

૪. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૬-૪-૯૬ની નોંધથી મળેલી અનુમતિ કાઢવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને

ઓદેવી ?
ઉપસચિવ
સામાન્ય વહીવટ
ગુજરાત સ

પ્રતિ,

- રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- * રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- * સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ(૧૦-નકલો).
- * સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર
- * સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- * સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો ( ૫ નકલો).
- સા. વ વિ ની તમામ શાખાઓ/અધિકારીઓ, ખાતાના વડાઓ
- સીલેકટ ફાઈલ-ગ-૨ શાખા.